| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૨૨/૧૨/૨૦૨૪    રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-    સમાચાર યાદી નં.૧૮૭૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યું હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-    સમાચાર યાદી નં.૧૮૭૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડી:-    સમાચાર યાદી નં.૧૮૭૩/૨૦૨૪

**નારણપુરા:** જૈનમ સ/ઓ બિપિનભાઇ શાહ (ઉ.વ.૨૫) (રહે. બંસિધર એપાર્ટમેન્ટ મિરામ્બીકા સ્કુલ પાસે નારણપુરા) એ તા.૨૧/૧૨/૨૦૨૪ ના રોજ **નારણપુરા** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૪ થી તા.૦૨/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૮૭૦૯૧૨૮૮૮૩૦ ના ધારકે ફોન કરી ઈન્ટરનેટના માધ્યમથી વીડીઓ કોલ કરી ખોટા દસ્તાવેજો બતાવી તેમજ સી.બી.આઈ.ના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી જૈમન શાહને ગેર કાયદેસર પ્રવૃતિ કરવાના ખોટા કેસમા ફસાવી દેવાનુ દબાણ કરી જૈમન શાહના બેન્ક ખાતામાં રહેલ નાણા તપાસના કામે સીઝ કરવાનું કહી તેઓના ખાતામાં રૂપિયા ૨,૯૨,૪૪૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૪/૨૦૨૪**

**નરોડાઃ** મિનાક્ષીબહેન વા/ઓ જશવંતભાઇ પરમાર (રહે.સજલ પાર્ક સોસાયટી અમરપાર્કની બાજુમા નરોડા) એ તા.૨૧/૧૨/૨૦૨૪ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૪ થી તા.૦૫/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના કબાટમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

**વેજલપુરઃ મિ**નાબહેન વા/ઓ રાજેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૭૨) (રહે. રાધે સ્કાય લાઈન એપાર્ટમેન્ટ એસ.બી.આઈ. બેંક સામે સાણંદ તા.સાણંદ જી-અમદાવાદ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૪ બપોરના 3/30 વાગ્યાના સુમારે વેજલપુર સોનલ ચાર રસ્તા ખાતે રીક્ષામાં બેઠા હતા દરમ્યાન રીક્ષામાં બેસેલ પુરૂષે મિનાબહેનની નજર ચુકવી મિનાબહેનના ગળામાં પહેરેલ સોનાની મણકાવાળી માળા કિમત રૂપિયા ૧,૯૪,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૫/૨૦૨૪**

**રાણીપઃ** ઉષાબહેન નિરલભાઇ અંજાન (ઉ.વ.૫૦) (રહે. કસ્તુરબા રો-હાઉસ તરુ એપાર્ટમેન્ટ સામે રાણીપ) તા.૨૧/૧૨/૨૦૨૪ સાંજના ૫/૧૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ ઉષાબહેન અંજાનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા 30,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઉષાબહેન અંજાને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.જાદવ ચલાવે છે.

**નારોલઃ** ઉમેશભાઇ મુલાજી મન્ડલોઇ (ઉ.વ.૫૩) (રહે. વોર્ડ.નંબર-૩ એમ.જી.રોડ બાગલી જી.દેવાસ મધ્ય પ્રદેશ) તા.૨૧/૧૨/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની માતા સાથે એક્ટીવા ચલાવી સ્મુતિ મંદીરથી પારસનગર તરફ જતા સુરપથ સોસાયટીની બાજુમાં આવેલ શ્રી હુંગળાજ જનરલ સ્ટોર્સ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ ઉમેશભાઈ મન્ડલોઈના માતાના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઉમેશભાઈ મન્ડલોઈ એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

**અપમૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૮૭૬/૨૦૨૪**

**વટવા જીઆઇડીસીઃ** જગદીશભાઇ શકરાજી ઠાકોર (ઉ.વ.૪૯) (રહે. વચલો ઠાકોરવાસ રામોલ ગામ) તા.૨૧/૧૨/૨૦૨૪ બપોરના ૪/૧૫ વાગ્યા પહેલા પ્લોટ નંબર-૫૩૧૭ ડાયમંડ કોરોગેટ બોકસ પ્રા.લી.કંપનીમા કામ કરતા હતા ત્યારે કંપનીમાં ડાઇ કટીંગ મશીનમાં પગ ભરાઈ જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૧૮૭૭/૨૦૨૪**

**ગાયકવાડ હવેલીઃ** જ્યોત્સનાબેગમ વા/ઓ નૌસાદઅલી શેખ (ઉ.વ.૩૦) (રહે. પિરખાનની ચાલી દાદીબીબીની મસ્જીદ જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૨૦૨૪ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાયમલભાઇ લક્ષ્મણભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** રેશમા ડો/ઓ પી.આર.રેમેસાન નાયર (ઉ.વ.૨૨) (રહે. નિલમ એપાર્ટમેન્ટ ભક્તિનગર સોસાયટી સામે બાપુનગર ચાર રસ્તા બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૪ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

**વટવાઃ** રેનુ વા/ઓ રાજનકુમાર પાસવાન (ઉ.વ.૨૪) (રહે. એસ.એલ.એમ.ની ચાલી અંબીકાબ્રીજની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૪ સવારના ૧૧/૦૦ થી બપોરના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી